ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૧૧-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

મોદી-લહેનો પુરાવો કે ચૂંટણીનું સેમીફાઈનલ ?

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ રાજનાથસિંહ પાંચ પૈકીનાં ચાર રાજયોમાં પાર્ટી સત્તા પર આવશે એવી આશા સેવી રહ્યા છે એમાં સૌથી વધારે મહત્ત્વનું લૉજિક મોદીની જાહેરસભાઓમાં ઊમટેલી વિશાળ-કદાચ અભૂત પૂર્વ કહી શકાય એવી જનમેદની છે. મોદીનું નામ વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે આગળ કર્યા પછી પ્રજામાં એક છૂપી લહેર શરૂ થઈ ગઈ છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે કોંગ્રેસ શાસનમાં ચાલતા ભ્રષ્ટાચાર અને સવિશેષ તો પ્રજાની કમ્મર કોડી નાખે એવી મોંઘવારીથી આમ જનતામાં એનો ભારે રોષ છે. રાજસ્થાન અને દિલ્હીમાં કોંગ્રેસને 'ઍન્ટિ-ઈન્કમ્બન્સી ફૅક્ટર' નડી રહ્યો છે તે મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં બબ્બે સત્રથી સત્તા પર રહેલી ભાજપની રાજયસરકારોને નથી નડી રહ્યો અથવા પ્રમાણમાં ઘણો ઓછા પ્રમાણમાં નડી રહ્યો છે, એનું કારણ તપાસવા જેવું છે. મધ્યપ્રદેશ જેવા માંદલા રાજયમાં ભાજપના મુખ્યમંત્રી શિવરાજસિંહનું શાસન વખણાયું છે. ક્યારેક ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ મોદી કરતાં પણ શિવરાજસિંહને ચડિયાતા મુખ્યમંત્રી ગણાવેલા તે યાદ હશે. એ જ રીતે ડૉ. રમણસિંહે છત્તીસગઢમાં જાહેર વિતરણ વ્યવસ્થા સુચારુ ઢબે ગોઠવીને છેક છેવાડાના મતદાતાને રીઝવવાનો પ્રામાણિક પુરુષાર્થ કર્યો છે. કુદરતે એમને બીજી અનુકૂળતા કરી આપી તે એ કે નકસલી હુમલામાં પ્રદેશ કોંગ્રેસની સમગ્ર નેતાગીરી સ્વાહા થઈ જતાં જે નંદકુમાર પટેલ જેવા સમર્થ નેતૃત્વનો વિકલ્પ કોંગ્રેસ પાસે હતો તે ખોવાઈ ગયો છે. અજિત જોગી જેટલા લોકપ્રિય એટલા જ ખુદ એમની પોતાની પાર્ટીમાં વિવાદાસ્પદ હોઈ પાર્ટી હાઈકમાંડે એમને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા જ નથી. એમને રાજી કરવા એમના ઘરમાં એક સામટી મા-દીકરાને બે ટિકિટો બઝાડી દીધી છે. આમ છત્તીસગઢમાં કોંગ્રેસ નેતૃત્વ વિહોણી છે તો વળી મધ્યપ્રદેશમાં યુવા નેતા જયોતિરાદિત્ય સિંધિયા ઉપરથી ઠોકી બેસાડાયા હોઈ વરિષ્ઠ નેતાગીરીને મનદુઃખ છે. દિલ્હીમાં શીલા દિક્ષિતને નડી રહી છે ડુંગળી, કૉમનવેલ્થ ગેમ્સ વગેરેના ગોટાળા. ગડકરી જેવા નેતા આમ આદમી પાર્ટીને કોંગ્રેસની બી-ટીમ ભલે કહેતા હોય પરંતુ માયાવતીની બહુજન સમાજ પાર્ટીની જેમ જ આમ આદમી પાર્ટીએ કોંગ્રેસની પરંપરાગત મતબેંકમાં પણ ભાંગફોડ કરી છે અને શીલા દીક્ષિત સામે ભાજપના વિજેન્દ્ર ગુપ્તા કરતાં આમ આદમી પાર્ટીના સ્થાપક- સંયોજક અરવિંદ કેજરીવાલ મુખ્ય પ્રતિસ્પર્ધી તરીકે ઊપસી રહ્યા છે. રાજસ્થાનમાં અશોક ગહલોત સામે વસુંધરા રાજેનો રથ જોરમાં લાગે છે. રાહુલ ગાંધીએ મોદીની લગોલગ સભાઓ ગજવી છે પરંતુ એમની પાસે મોદી જેવાં વાગ્બાણ નથી. એમણે યુવાનો, દલિતો, ગરીબો, આદિવાસીઓને આકર્ષવા પુરુષાર્થ જરૂર કર્યો છે પણ સામેથી પ્રતિસાદ કેવો સાંપડે છે તે તો સમય જ કહેશે. ચારે હિંદી પટ્ટાનાં રાજયો પૈકી દિલ્હી પૂર્ણ દરજ્જાનું રાજય નથી. ભાજપે સત્તા પર આવતાં જ એને પૂર્ણ દરજ્જો અપાવવાનું તથા વીજબિલમાં ૩૦ ટકા કાપ મૂકવાનું વચન આપ્યું છે, જે શકાય એવું નહીં હોવાને કારણે જ શીલા દીક્ષિતે ત્રણ ત્રણ સત્ર સુધી એની યથાસ્થિતિથી સંતોષ માન્યો હતો. શીલાનું ધીર ગંભીર વ્યક્તિત્વ અને વિકાસકૂચને દિલ્હીની પ્રજા સહકાર આપતી રહી છે. આ વખતે ભાજપે એવા જ ધીરગંભીર પ્રતિસ્પર્ધી તરીકે ડૉ. હર્ષવર્ધનને મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે જાહેર કરીને શીલા સામે પડકાર ઊભો કર્યો છે. 'આપ' ભાજપને નડે તો શીલા ચોથી વાર પણ સત્તા પર આવે! આ ચાર રાજ્યોની સાથે જ ઉત્તરપૂર્વના મિઝોરમની વિધાનસભાની ચૂંટણી પણ થઈ ગઈ છે. સૌથી વધુ મતદાન પણ ત્યાં જ નોંધાયું છે. ભાજપ મિઝોરમમાં કોઈ મોટી આશા રાખી શકે એમ નથી, કારણ કે ત્યાં મોદીનું હિંદુત્વ કે હિંદી ચાલી શકે એમ નથી. પરંતુ હિંદી હાર્ટલેન્ડમાં ચાર રાજયોમાં જો ભાજપનો ભગવો લહેરાશે તો મોદીને એના યશ મળવાનો છે, અને એમનો વિજયરથ બમણા વેગથી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીભણી દોડવાનો છે એમાં શંકાને સ્થાન નથી. જો કે છત્તીસગઢ તથા મધ્યપ્રદેશ કે રાજસ્થાન સુદ્ધાંના મુખ્યમંત્રીપદ માટેના ભાજપ ઉમેદવારોને મોદી અંદરથી તો અળખામણા જ લાગે છે પરંતુ દૂઝણી ગાયની પાટુ ખમવાનું શાણપણ એ જરૂર દાખવશે.

નવા ગુજરાતી માસિક આનંદ ઉપવનનો વિમોચન સમારંભ

ગાંધીનગર, તા. ૨૯

સેકસ, કાઈમ અને પોલિટિક્સથી મુક્ત, સમાજ, સાહિત્ય અને સંસ્કૃતિ પ્રત્યે પ્રતિબદ્ધ પરિવારના મનગમતા ગુજરાતી માસિક 'આનંદ ઉપવન'ના પ્રથમ અંક (ડિસેમ્બર-૨૦૧૩)નું વિમોચન કરતાં વિદ્યાગુરુ અને સમર્થ હાસ્યકાર રતિલાલ બોરીસાગરે કહ્યું હતું કે આનંદ અને ઉપવન એકબીજા સાથે જોડાયેલા જ હોય છે. આજે જ્યારે સસ્તુ મનોરંજન આપતાં વર્તમાનપત્રો અને સામયિકોની બોલબાલા છે ત્યારે એક સત્ત્વશીલ માસિક શરૂ કરવાની ધીરૂભાઈ પારેખની હિંમત દાદ માગી લે તેવી છે.

અગ્રણી સર્જક અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષા અડાલજાએ આ સમારંભને વાચકો અને શુભેચ્છકોના પરિવારના મિલન સમારંભ તરીકે ઓળખાવ્યો હતો અને 'હું જાણે મારા પરિવાર વચ્ચે જ બેઠી હોઉં તેવું લાગે છે' એમ કહ્યું હતું.

આ સમારંભ માટે ખાસ અમદાવાદથી મુંબઈ આવેલા ડૉ. કેશુભાઈ દેસાઈ, રજનીકુમાર પંડ્યા, ડૉ. દલપત પઢિયાર તથા કન્નડ, કોંકણી અને અંગ્રેજીના વિખ્યાત લેખક કે.જી. મલ્લયાએ પ્રાસંગિક વક્તવ્યો આપ્યા હતા અને નવા સામાયિકને માટે શુભેચ્છાઓ પ્રગટ કરી હતી.

આ ઉપરાંત 'તારક મહેતાના ઉલટા ચશ્મા'ના નિર્માતા-દિગ્દર્શક આસિતકુમાર મોદી, અભિનેતા અને દિગ્દર્શક મનોજ જોશી, કટાર લેખક બકુલ ટેલર, સમાજ સેવક હર્ષદભાઈ વળિયા અને ઈસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક ચિંતન ભટ્ટ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કિંજલ પારેખના ભરતનાટ્યમ નૃત્યથી આરંભાયેલા કાર્યક્રમને અંતે 'આનંદ ઉપવન'ના મેનેજિંગ તંત્રી ધીરૂભાઈ પારેખે સૌનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન જાણીતા સાહિત્યકાર દીપક મહેતાએ કુશળતાથી કર્યું હતું.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં જાગૃતિ દવે, નારુદાન ગઢવી, ભરતદાન ગઢવી અને જીલુદાન ગઢવીએ કસુંબલ ડાયરાનો રસરંગભર્યો કાર્યક્રમ રજૂ કર્યો હતો. મુંબઈ મરાઠી સાહિત્ય સંઘના ડૉ. ભાલેરાવ સભાગૃહમાં યોજાયેલ આ કાર્યક્રમને મોટી સંખ્યામાં હાજર રહેલા સાહિત્ય અને સંસ્કારપ્રેમી શ્રોતાઓએ ઉમળકાપૂર્વક વધાવી લીધો હતો.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા આયોજિત હિલશિલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં ડિવાઈન ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કુલ અને વખારિયા હાઈસ્કુલ કલોલની ટીમો ફાઈનલમાં ટકરાઈ હતી. ફાઈનલ મેચમાં ડિવાઈન ચાઈલ્ડ સ્કુલ વિજેતા બની હતી. ફાઈનલ મેચમાં ડિવાઈન ચાઈલ્ડ સ્કુલના ખેલાડી રાહુલ નારાયણી એ ૨૫ રને ૪ વિકેટ ઝડપી હતી. તેમજ વખારિયા સ્કુલના કેયુર ઠાકોરે ૧૯ રન અને ચિરાગે ૩ વિકેટ ઝડપી હતી. ફાઈનલ મેચમાં રાહુલ નારાયણીને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આ મેચનું સંચાલન સિનિયર કોચ જી.પી. ગોટી અને સાહીદ અમ્બર દ્વારા કરવામાં આવ્યું હતું.

ડેમોક્રેટિક પીપલ્સનો સ્નેહમિલન યોજાશે

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરનો સ્નેહમિલન સમારંભ તા. ૩૦ નવેમ્બર શનિવાર બપોરે ૩-૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજવામાં આવશે. સમારંભમાં અતિથિ વિશેષ તરીકે પ્રોફેસર યશવંત વાઘેલા ઉપસ્થિત રહેશે. આ સમારંભમાં મોટી સંખ્યામાં સભ્યોને ઉપસ્થિત રહેવા દશરથલાલ પરમારે જણાવ્યું છે.

નિઃશુલ્ક ધ્યાન-યોગ શિબિરનું આયોજન

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને શ્રી ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે તા. ૧ ડિસેમ્બર થી ૧૦ ડિસેમ્બર સુધી સવારે ૭ થી ૮ કલાક દરમિયાન ગાયત્રી શક્તિપીઠ સે-૧ ખાતે ધ્યાન-યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રાણાયામ, તણાવ, નિયંત્રણ, વિવિધ આસનો અનેબિમારીઓ વગેરેનું શિક્ષણ આપવામાં આવશે. શિબિરનો લાભ લેવા શહેરીજનોને જણાવાયું છે.

હરિની દૃષ્ટિ...

આનો મતલબ... પુરુષ પણ ઓછા અત્યાચાર નથી થઇ રહ્યા...!!

આજે લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા યુવા માર્ગદર્શન શિબિર

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ખાતે યુવા માર્ગદર્શન શિબિર અન્વયે ધોરણ-૧૦-૧૨ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આજરોજ ૮ થી ૯.૩૦ દરમ્યાન નાથીબા હોલ કડી સંકુલ ખાતે પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. 'વેલકમ ચેલેન્જ' પરીક્ષા, જીવન અભ્યાસ કાર્ય વગેરેમાં આવતા પડકારોને આવકારીને કેમ ચાલવુ. એ વિષયે પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈની રસાળ વક્તવ્ય શૈલીને માણવો એક લ્હાવો છે.

ભૂપેન્દ્રભાઈ ઘણા વર્ષોથી ભગવત સપ્તાહ, રામકથા, શિવકથા, મેનેજમેન્ટ વિષય પર અનેક વક્તવ્યો આપી ધરોહળ જાળવી રહ્યા છે. આ કાર્યક્રમમાં હાજર રહેવા લાયોનેસ પ્રમુખ આરતીબેન ભટ્ટ અને આર.સી. પટેલ સ્કૂલ ગાંધીનગર દ્વારા શહેરીજનોને લાભ લેવા જણાવ્યું છે.

પ્રાતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે ગાંધીનગર મનપાના ખેલ મહાકુંભનો ભવ્ય પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરના ખેલમહાકુંભ-૨૦૧૩નું ભવ્ય ઉદ્‌ઘાટન શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સે. ૩૦ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું.

ખેલમહાકુંભ-૧ ઉમાં કબડ્ડી, ખો, ખો, વોલીબોલ અને એથ્લેટિક્સ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદ્‌ઘાટન અનિલ પટેલ સચિવશ્રી, પવિત્રા યાત્રાધામ વિકાસ દ્વારા કરવામાં આવ્યું હતું. ખેલ મહાકુંભ તા. ૨૯ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર દરમ્યાન ચાલશે.

આ કાર્યક્રમમાં પૂર્વ વિભાગ વ્યાયામ મંડળના વિવિધ શાળાના ટ્રસ્ટીઓ, શાળાના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા, અર્જુનસિંહ વાઘેલા, શોભનાબા વાઘેલા, ભૂપેન્દ્રકુમાર ક્ષત્રિય, માધ્યમિક વિભાગના શિક્ષક સંજયકુમાર સહિત અનેક શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રખરતા શોધ કસોટી ફેબ્રુઆરી ૨૦૧૪માં લેવા માટેની તૈયારી

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રખરતા શોધ કસોટી આગામી ફેબ્રુઆરી મહીનામાં લેવામાં આવશે. આ પ્રખરતા શોધ કસોટીમાં ધોરણ-૯ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે. આ પ્રખરતા શોધ કસોટી ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને ગુજરાત એમ પાંચ વિષયમાં લેવામાં આવશે. જે પરીક્ષા આપવા માટે આવતીકાલ સાંજ સુધી ફોર્મ ભરી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દરવર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દરવર્ષે રાજયમાંથી યોગ્ય લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને શોધવા માટે પ્રખરતા શોધ કસોટી લેવામાં આવે છે. આ વર્ષે આ પ્રખરત શોધ કસોટી આગામી ફેબ્રુઆરી મહીનામાં ૧૦-૨-૧૪ અને ૧૨-૨-૧૪ ના રોજ યોજાશે. આ કસોટીના સંગ્રહિત માહિતી પત્રકો ગત વર્ષે જે શાળાઓએ આ કસોટીમાં ભાગ લીધો હતો તેવા શાળાઓને બોર્ડ દ્વારા મોકલી આપવામાં આવ્યા છે.

જેમાં ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૮ ઓક્ટોબર રાખવામાં આવી હતી. પરંતુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ફોર્મ ભરવામાં બાકી રહી ગયા હોવાથી બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની તા. ૩૦-૧૧-૧૩ સુધી વધારવામાં આવી છે. એટલે કે આવતીકાલ સુધી શાળાઓએ પોતાની શાળાનાં વિદ્યાર્થીઓનાં ફોર્મ ભરીને શિક્ષણ બોર્ડની કચેરી ગાંધીનગર ખાતે મોકલી આપવાનાં રહેશે. આ પ્રખરતા શોધ કસોટીમાં ધોરણ-૯ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે. આ પ્રખરતા શોધ કસોટી, ગણિત, વિજ્ઞાન અને ટોકનોલોજી, અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને ગુજરાતી એમ પાંચ વિષયમાં લેવામાં આવશે.

જેમાં તમામ પાંચ વિષયની પરીક્ષા આપવા માંગતા વિદ્યાર્થીનીઓએ ૮૦ રૂપિયા, વિદ્યાર્થીઓએ ૧૧૦ રૂપિયા અને એસસી, ઓબીસી વિદ્યાર્થીઓએ ૮૦ રૂપિયા ફી ચુકવવાની રહેશે જ્યારે કોઈ એક વિષયની પરીક્ષા આપવા માંગતા વિદ્યાર્થીઓએ વિષય દીઠ ૩૦ રૂપિયા પરીક્ષા ફી ચુકવવાની રહેશે. તો વિદ્યાર્થીની અને એસસી, એસટી, ઓબીસી વિદ્યાર્થીઓએ વિષય દીઠ ૨૫ રૂપિયા પરીક્ષા ફી ચુકવવાની રહેશે.

સુશીલ અને સંસ્કારી પત્નિ એટલે ઈશ્વરના આશિર્વાદ

સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

એડમંડ બર્ક કહ્યું છે કે જ્યારે હું મારા ઘરમાં પગ મૂકું છું કે તરત જ મારી તમામ ચિંતાઓ દૂર થઈ જાય છે. લ્યૂથરે કહ્યું છે કે, સુંદર અને સુશિલ પત્નિ હોય એ ખરેખર ભાગ્યશાળી છે. આવી પત્નિની અપેક્ષા સૌ કોઈ રાખે પણ બધા કંઈ ભાગ્યશાળી નથી હોતા. યુવાનો યોગ્ય સમયે યોગ્ય પાત્ર સાથએ પરણીને દામ્પત્ય જીવનને સુમધુર બનાવી શકે છે. પણ પગભર થયા પછી લગ્ન કરીશ, આર્થિક રીતે મજબૂત થયા પછી લગ્ન કરીશ કે સારી નોકરી મળે પછી જ આ અંગે વિચારીશનીમાન્યતાવાળા ઘણા યુવાનો પછી સારા પાત્ર માટે મુશ્કેલી અનુભવે છે. ક્યારેક એવું પાત્ર મળઈ જાય કે જેનાથી નથી જિંદગીનું સુખ માણી શકતા કે નથી તેનાથી પીછો છોડાવી શકતા.

કેટલીક સ્ત્રીઓમાં સ્વભાવગત આવડત હોય છે કે તે ગમે તેવી મુશ્કેલીને પણ ટેકલ કરી શકે છે તો કેટલીક સ્ત્રીઓ સામાન્ય બાબતોને મોટું સ્વરૂપ આપી જીવનમાં ઝંઝાવાતો સર્જે છે. ક્યારેક લાગણીના આવેશમાં આવી અજુગતું પગલું ભરી બેસે છે. કેનાલમાં ભુસકાં મારવાના કે પંખે લટકી જવાના બનાવો બને છે. કોઈ લેખકે કહ્યું છે કે, સ્ત્રીઓએ ઓશીકું બનીને રહેવું જોઈએ. એનો મતલબ એ નહી કે તેણે કાયમ પુરુષનો આધિપત્યમાં રહેવું જોઈએ. કે ગુલામી દશામાં રહેવું જોઈએ. જવાબ સ્પષ્ટ છે કે માણસ સુતો હોય અને નાનુ સરખું ઓશીકું ન હોય તો હાથને કોણીએથી વાળી તેનું ઓશીકું બનાવી લે છે ત્યારે તે મીઠી નીંદર માણી શકે છે. દુનિયાના ઝંઝાવોતોમાં કે આર્થિક પાસા મજબૂત કરવામાં સતત દોડધામ કરનારા માનવી ઘરે આવે ત્યારે ઘરનું વાતાવરણ એવું હોવું જોઈએ કે જયાં તેને શાંતિનો અનુભવ થાય અને સંતોષ માણી શકે. ઘરમાં પત્નિ સિવાય આ કામ કોનુ હોઈ શકે?

જગતમાં ઘણા પુરુષોએ જાહેરમાં એકરાર કર્યો છે કે તેમણે જીવનમાં જે કંઈ સિદ્ધિઓ મેળવી છે તેમાં તેમની પત્નિનું બલિદાન અદ્‌ભુત હોય છે. મહાન ક્રિકેટર સચિન તેની ફૅરવેલ પાર્ટીમાં એકરાર કરેલો કે 'અંજલિ'ના સાથ વગર આટલો નિશ્ચિંત બની હું રમી ન શક્યો હોત જ્યારે કેટલાક પરિવારોમાં પત્નિઓ કાયમ ફરીયાદ જ કરતી હોય છે કે પતિદેવ અઠવાડિયે એકાદવાર પણ સાથે ફરવા લઈ જતા નથી, શોપિંગ કરવા મારી સાથે આવતા નથી. મારી સાથે કલાક બેસી નિરાંતે પ્રેમાલાપ કરતા નથી. આમાંથી થતી ચડભડ ક્યારેક ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે. કેટલીક સ્ત્રીઓ ખાસ કરીને ફિલ્મ જગતની રૂપસુંદરીઓમાં લગ્ન કરવાના અને છુટા પડવાના કિસ્સા બહુ સહજ રીતે બને છે. ફક્ત સીને જગતમાં અભિનયક્ષેત્રે કામ કરવા કે નહી કરવાના મતમતાંતરમાં જ બંને પાત્રો ઝડપથી છુટા પડી જાય છે રાખી ગુલઝાર, રાજેશ ખન્ના- ડીમ્પલ, રણધિર કપૂર બબિતા જેવા મોટા ગજાના કલાકારો જ આવા મતભેદમાં સુખી લગ્નજીવન માણી શકયા નથી જ્યારે ધર્મેન્દ્રની બે પત્નિઓ હયાત હોવા છતાં તેમના દામ્પત્યજીવનમાં ક્યારેય તણખા ઝર્યા હોય તેવું સંભળાયું નથી. બંને પત્નિઓની સમજદારી અને સંસ્કાર જ આમાં કારણભૂત છે. 'લગ્ન જીવન સુખી કરવાના સરળ ઉપાય' કે 'સફળ લગ્ન જીવનની ગુરુ ચાવી'ના પુસ્તકો વાંચવાથી દામ્પત્ય સુખી ન થાય.

એક નાટકની જાણિતી અભિનેત્રીને એક પત્રકારે પૂછયું કે નાટકમાં પાત્ર ભજવવા માગતી કોઈ યુવતિ માટે તમારો શો સંદેશ છે? તે અભિનેત્રીએ તરત જવાબ આપ્યો કે હું તેને સલાહ આપીશ કે રંગભૂમિની જિંદગીમાં જરાય સુખ નથી. જે સ્ત્રીકળાને સંપૂર્ણ વરી ન હોય એવી સ્ત્રીને રંગભૂમિનો મોહ ન રાખવો જોઈએ. તેનું જીવન બે ભાગમાં વહેંચાઈ જાય છે રંગભૂમિ પર કામ કરતી હોય તે દરમિયાન એ સ્ત્રી કોઈ પુરુષની પત્નિ તરીકે ફરજ ન બજાવી શકે. કોઈ પતિ પોતાનીપત્નિનું ચિત્ર બીજાની દિવાલ પર કેલેન્ડર બની લટકે તે હરગીઝ પસંદ ન કરે તે પત્નિ ફક્ત પોતાની બની રહે તેમ ઈચ્છતો હોય છે. રંગભૂમિ પ્રત્યે આકર્ષાયેલી સ્ત્રીઓ ફક્ત ગૃહસ્થજીવનને સુખી કરવાનો પ્રયત્ન કરે તે પૂરવું છે. જે સ્ત્રી માત્ર કલાને વરી હોય તેમની આ વાત નથી.

એક કવિરાજના લગ્ન થયા. મધુરજની વખતે કવિ પોતાની શ્રેષ્ઠ કવિતાઓનું પઠન કરવા લાગ્યા. થોડીવારમાં પત્નિ બોર થવા લાગી તે ઉભી થઈને બારી પાસે ઉભી રહી અને આકાશના તારા, પુનમનો ચાંદ અને શીતળ ચાંદનીનો આસ્વાદ માણવા લાગી. કવિરાજને પોતાનું અપમાન થતું હોય તેમ લાગ્યું. તેમને હતું કે મારી સુંદર કવિતા સાંભળી પત્નિ ખુશ થઈ જશે પણ તેમ ન બન્યું. અહીં સવાલ એ છે કે તમે તમારા વિચારો બીજા પર લાદી તો ન શકો ને? પણ કોઈ સમજદાર સ્ત્રી કવિની આ ચેષ્ટાને સમજદારી પૂર્વક અટકાવી શકી હોત, તેને ખોટું ન લાગે તેમ. પતિના વિચિત્ર સ્વભાવ કે તમને ન ગમતી ટેવોને કુશળતાથી બીજે વાળવાની ક્ષમતા સ્ત્રીઓ કેળવી શકે તો દામ્પત્યજીવનમાં ક્યારેય કડવાશ પ્રવેશી શકે નહીં. સ્ત્રીનો પ્રેમ જ પુરુષોને મુશ્કેલીમાં સાંત્વના આપવાનું કામ કરી શકે. દરેક ચડતી પડતીમાં તેનો પ્રેમ એકસરખો પ્રવાહીત હોય છે.

ક્યારેક યોગ્ય કન્યાની પસંદગીમાં યુવાનો અટવાઈ જાય છે. કારણ કે તેમની પસંદગીની રેખા ખૂબ પાતળી ગોચ છે. અપેક્ષાઓ ઘણી ઊંચી હોય છે ફેશન, ઉચ્ચઅભ્યાસ, સુંદરતા, ચંચળતા, બ્રાહ્ય ચમક દમક કોને પ્રાધાન્ય આપવું? આ બધું હોય પણ સ્વભાવે પ્રેમાળ ન હોય તો બધા સદ્‌ગુણો પર પાણી ફરી વળે છે. ઘણીવાર ઓછું ભણેલી દીકરીઓમાં ગજબની કોઠાસુઝ હોય છે. પતિના પ્રત્યેક અભિગમને સમજી તે અનુસાર વર્તન કરવામાં તેને ઝાઝી તકલીફ નથી પડતી. સ્ત્રીનું આ એક જ લક્ષણ દામ્પત્યજીવનને સુખી બનાવવા પુરતું છે. પણ આવી સ્ત્રીઓ મેળવવી અને મળે તો પસંદ કરવી તે યુવાનો માટે મુશ્કેલ હોય છે. શ્રીમંત પરીવારો કન્યા પસંદગી માટે ફક્ત શ્રીમંત ઘરોમાં જ પસંદગી ઉતારે છે. મધ્યમવર્ગ કે ગરીબવર્ગમાં સંસ્કારની સમૃદ્ધિ તેઓ સ્વાગત કરવું, સગા સંબંધીઓ સાથે નાતો જોડી રાખવો, પડોશીઓ સાથે વ્યવહાર પ્રેમાળ રાખવો, આંગણું સ્વચ્છ રાખવું, બાળકોની યોગ્ય કાળજી રાખવી, પતિ સાથે પ્રેમાળ વર્તાવ રાખળો આ બધા લક્ષણો ફક્તને ફક્ત મધ્યમવર્ગ કે ગરીબવર્ગની કન્યાઓમાં વિશેષ જોવા મળે છે. પણ સમાજમાં સર્જાતી સમસ્યાઓનું મારણ શોધવામાં પુરુષો એટલા બધા ગંભીર નથી હોતા.

સુશિલ અને સંસ્કારી પત્નિના વર્તનમાં ક્યારેય બનાવટ નથી હોતી. ઉછીની ટાપટીપ, ફોર્મલિટી ભર્યો વર્તાવ પણ જોવા નહી મળે. તે ક્યારેય શાલિનતા છોડશે નહીં. પતિ ઓફિસેથી કે ધંધા પરથી થાક્યો પાક્યો આવે ત્યારે એની થકાવટ દૂર કરી આનંદમાં રાખવો તે એની પ્રાથમિકતા હશે. તે ક્યારેય પતિ આગળ બાળકોની કે વડીલોની ફરીયાદનું લિસ્ટ વાંચવા નહીં બેસે. આ સામાન્ય આવડત માટે ઉચ્ચ અભ્યાસની કે સમૃદ્ધિની જરૂર નથી હોતી ફક્ત અંદરની કોઠાસુઝ કે ભીતરની શુદ્ધ ભાવના જ કામ લાગે છે. પણ આવી પત્નિઓ ભાગ્યશાળઈને જ મળે છે. એક સમજુ અને સંસ્કારી યુવતિનો પતિ દારૂની લતે ચઢ્યો. દારૂ એ જ એનો ખોરાક.. ઘરની પરિસ્થિતિ ડામાડોળ બનવા લાગી છતાં જરાય નાસીપાસ થયા વગર ખુબ ધીરજથી યુવતીએ કામ લીધું. પિતાએ એને સમજાવી કે આવા પતિ સાથે તારી જિંદગી કેમ જશે? તું છુટાછેડા લઈ લે. તને બીજે ક્યાંક વળાવીશું. પણ આ યુવતિ પતિને ચાહતી હતી એની સાથે એણે પ્રેમલગ્ન કરેલા. પતિને ખોટા માર્ગેથી પાછા વાળવાની એણે જીદ પકડી એમ કરવામાં એની જિંદગીના મહામુલા વર્ષો એણે વડેફી નાખ્યા છતાં એ મક્કમ હતી છેવટે તેના પ્રેમનો વિજય થયો, પતિ દારૂના વ્યસનમાંથી મુક્ત થયો અને ફરી એના દામ્પત્યજીવનનું સુખ માણી રહ્યા છે. ચોરીના ચાર ફેરા ફરવા માત્રથી લગ્ન થઈ જતા નથી તેનાથી ફક્ત શરીર મળે. હૃદય મળતાં ઘણો સમય લાગે છે બેદીલ મળે પછી જ દામ્પત્યજીવનની ખરી શરૂઆત થાય. આવા દામ્પત્યજીવનમાંથી જ તાજમહેલની રચના થાય છે બાકી હઝારો કબરો ચણાય છે અને ખંડેર પણ બની જાય છે.

છેલ્લે એક તાજો પ્રસંગ માણી લઈએ જેમાં દામ્પત્યજીવનને ગંભીરતાથી નહીં લેનારના જીવનની નાવ કેવી ખરાબે ચઢી જાય છે એનો ચિતાર મળશે. એક યુવતિના લગ્ન સામાજિક રાહે પોતાની જ્ઞાતિમાં થયેલા શરૂઆતમાં બંને વચ્ચે ખૂબમેળ રહેલો પ્રેમના પરિપાક રૂપે તેમને એક દીકરો પણ હતો. પણ પછી કોણ જાણે કોઈ નાનકડી વાતમાં તૂ..તૂ... મૈં... મૈં... શરૂ થઈ ગયું.. બંને વચ્ચે સંબંધો એવા વણસ્યા કે પરિણામે એકવાર આ યુવતિ પોતાના સહાધ્યાયી પ્રેમી સાથે બાળકને લઈને ભાગી ગઈ પણ આ પ્રેમ ઝાઝો ટક્યો નહીં. છ જ મહિનામાં યુવતિને મારઝુડ કરી કાઢી મૂકી. યુવતિના તેના દીકરાને લઈ પિયરમાં આવી. તેણે ત્રીજા પતિની શોધખોળ આરંભી.. એક સોહામણા યુવક પર તેની નજર મંડાઈ.. તેની સાથે લગ્ન કરવાનું યુવતિએ નક્કી કર્યું. પણ યુવકની શરત હતી કે તારા દીકરાને હું રાખવા તૈયાર નથી. યુવતિ મુંઝાઈ પણ તે દીકરાનું સદ્‌ભાગ્ય ગણો કે દુર્ભાગ્ય.. એક નિસંતાન પરિવારે આ દીકરાને દત્તક લેવાની તૈયાર બતાવી. અને આ યુવતિ પોતાના એકના એક દીકરાને દત્તક આપી ત્રીજા ઘરે સંસાર માણવા રવાના થઈ.. આમાં માતૃત્વ ક્યાં? લાગણી ક્યાં? સંવેદના ક્યાં? દામ્પત્યજીવનની ગંભીરતા ક્યાં? સંસારમાં બસ આમ જ ચાલ્યા કરશે?